ગુજરાત રાજ્યમાં દરિયાકિનારાના વિસ્તારોમાં
૭ ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવાને સૈદ્ધાંતિક
મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
ઠરાવ નં.વીડબલ્યુએસ/૧૦૨૦૧૬/૧૨૩૮/પાર્ટ ફાઈલ/ખ-૪
IWDMS No.724937
સચિવાલય, ગાંધીનગર
તા.૦૧/૦૧/૨૦૧૯

વંચાણે લીધાઃ-

૧. ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રકચર લિમીટેડનો તા.૧૮/૧૨/૨૦૧૮નો પત્ર નં.GWIL/ડીસેલીનેશન પ્લાન્ટ/ ૨૦૫૩

પ્રસ્તાવનાઃ-

રાજયમાં સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાત કાયમી પાણીની સમસ્યાથી ગ્રસ્ત વિસ્તાર છે. આ વિસ્તારોમાં અનિયમિત વરસાદ તેમજ ઉત્તરોત્તર ભૂગર્ભ જળ ઘટવાના કારણે પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાય છે. વધુમાં અછતના વર્ષોમાં આ પરિસ્થિતિ ગંભીર બને છે.

આ વિસ્તારોમાં પાણીના પ્રશ્નના ઉકેલ માટે નર્મદા યોજના આધારીત પીવાના પાણીની ગ્રીડ મારફતે પાણી પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. આ વ્યવસ્થા સ્થાનિક ઉપલબ્ધ સ્ત્રોતને સુદ્રઢ કરી બન્ને સ્ત્રોતમાંથી પાણીનો યોગ્ય ઉપયોગ થઈ શકે તેવી રીતે કરવામાં આવેલ છે. તેમ છતાં નર્મદા કેનાલમાં પાણીની ઉપલબ્ધતા; મશીનરીમાં ક્ષતી અને પાઈપલાઈનમાં / વાલ્વમાં સર્જાતી ખામીના કારણે આ વિસ્તારોમાં પાણી આપવામાં વિક્ષેપ પડે છે. આ વિક્ષેપના કારણે ખાસ કરીને છેવાડાના વિસ્તારોમાં પાણીની ગંભીર સમસ્યા સર્જાય છે. અછત તેમજ ઉનાળાના સમયમાં આ પરિસ્થિતિ વધારે વિકટ સ્વરૂપ ધારણ કરે છે. સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠા અને છેવાડાના વિસ્તારોમાં હાલ ઉપલબ્ધ પાણીના સ્ત્રોતમાં બીજા સ્ત્રોતનો ઉમેરો કરી આ વિસ્તારો માટે પીવાના પાણીની સલામતી સુનિશ્ચિત કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી. આ દિશામાં ગુજરાતમાં ઉપલબ્ધ વિશાળ દરિયાકાંઠા નો ઉપયોગ કરી દરિયાના ખારા પાણીને ડિસેલીનેશન પ્રકિયા દ્વારા મીઠું પાણી ઉપલબ્ધ કરાવવાની બાબત એક વિકલ્પ તરીકે ધ્યાને લેવા દરખાસ્ત છે. આ પાણી ઉપલબ્ધ થવાથી આ વિસ્તારની પીવાના પાણી માટેની જળ સલામતી વધશે તેમજ લાંબા અંતર સુધી પાણી પંપીંગ કરી મોકલવાના થતાં ઉર્જા ખર્ચ તેમજ તે દરમ્યાન થતાં લીકેજ અને અન્ય કારણોસરના વ્યયને પણ અટકાવી શકાશે.

આ અંગે વંચાણે લીધેલ (૧) અન્વયે રાજયના દરિયાકાંઠા વિસ્તારના જુદાજુદા જિલ્લાઓમાં ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા અંગેની દરખાસ્ત મળેલ છે. આ દરખાસ્ત અંગેની સરકારશ્રીમાં ઉચ્ચ કક્ષાએ

ચર્ચાવિચારણા તેમજ મંથન થયેલ છે. આ અંગેની ચર્ચા તેમજ સમગ્ર બાબતો ધ્યાને લેતાં નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે.

ઠરાવ:-

પુખ્ત વિચારણાના અંતે રાજ્યમાં સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં નીચે મુજબના ડીસેલીનેશન પ્લાન્ટ સ્થાપવા માટેની કામગીરી માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા નીચેની શરતોને આધીન સૈદ્ધાંતિક સહમતિ આપવામાં આવે છે.

| અનુ. | જિલ્લો | ડી-સેલીનેશન પ્લાન્ટની ક્ષમતા | અંદાજિત ખર્ચ રૂ. (કરોડમાં) | સરકારશ્રીનો ફાળો રૂ. (કરોડમાં) |
|---|---|---|---|---|
| ૧ | અમરેલી | ૨૦ એમ.એલ.ડી. | ૧૬૦ | ૮૦ |
| ૨ | ભાવનગર | ૫૦ એમ.એલ.ડી. | ૪૦૦ | ૨૦૦ |
| ૩ | પોરબંદર | ૨૦ એમ.એલ.ડી. | ૧૬૦ | ૮૦ |
| ૪ | વેરાવળ | ૩૦ એમ.એલ.ડી. | ૨૪૦ | ૧૨૦ |
| ૫ | દેવભૂમિ દ્વારકા | ૫૦ એમ.એલ.ડી. | ૪૦૦ | ૨૦૦ |
| ૬ | કચ્છ | ૫૦ એમ.એલ.ડી. | ૪૦૦ | ૨૦૦ |
| ૭ | કચ્છ | ૫૦ એમ.એલ.ડી. | ૪૦૦ | ૨૦૦ |
| | | કુલ | ૨૧૬૦ | ૧૦૮૦ |

શરતો:-

૧. ઉપર કોષ્ટકમાં જણાવેલ જિલ્લાઓમાં જમીનની ઉપલબ્ધી; દરિયાકાંઠાની નીકટતા અને બીજા પરિબળોને ધ્યાને કઈ ડીસેલીનેશન પ્લાન્ટનું સ્થળ નક્કી કરવાનું રહેશે.

૨. આ ડીસેલીનેશન પ્લાન્ટના પાણીનો છેવાડાના વિસ્તારમાં ઉપયોગ થાય અને તેને પ્રવર્તમાન ગ્રીડ સાથે જોડી શકાય તેવી રીતે આયોજન કરવાનું રહેશે.

૩. આ ડીસેલીનેશન પ્લાન્ટમાં બિનપરંપરાગત ઉર્જા સ્રોતથી ઉપલબ્ધ ઉર્જાનો મહત્તમ ઉપયોગ થાય તે રીતે કામગીરી કરવાની રહેશે.

૪. આ પ્રોજેક્ટ હાઈબ્રીડ મોડેલ ઉપર કરવાનો રહેશે કે જેમાં કેપીટલ કોસ્ટ માટેનો સરકારનો ફાળો ઉપર જણાવેલ કોષ્ટક મુજબ રહેશે. આ કોષ્ટકમાં જણાવેલ રકમ સિવાય સરકારશ્રી દ્વારા બીજી કોઈ રકમ કેપીટલ કોસ્ટ અથવા બીજી રીતે આપવામાં આવશે નહીં.

૫. ઉપર જણાવેલ મુદ્દા ધ્યાને લેતાં; ટેન્ડર પ્રતિ કિલોલીટરના ભાવો આપવાની શરતે મેળવવાના રહેશે અને તે સિવાય બીડરને બીજો કોઈપણ ખર્ચ આપવાનો રહેશે નહીં તે ઉલ્લેખ ટેન્ડરમાં સ્પષ્ટપણે કરવાનો રહેશે.

આ અંગેની કાર્યવાહી સ્તવરે હાથ ધરવાની રહેશે. ટેન્ડર દ્વારા કિંમત મેળવી તે અંગેની મંજુરી સરકારશ્રીની કક્ષાએ મેળવી તે પછી વર્કઓર્ડર આપવાનો રહેશે.

સરકારશ્રીની સરખા ક્રમાંકની ફાઈલ પર તા.૦૧/૦૧/૨૦૧૯થી મળેલ અનુમતી અન્વયે આ સૈદ્ધાંતિક મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. ધીમંત વ્યાસ)
અધિક સચિવ અને મુખ્ય ઇજનેર

પ્રતિ,

- માન.રાજ્યપાલના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.( પત્ર દ્વારા )
- માન.મુખ્ય મંત્રીશ્રીનાં અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણાં)ના અંગત સચિવશ્રી,સ્વર્ણિમ સંકુલ-૧,સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(પા.પુ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ- ૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજય કક્ષાના મંત્રીશ્રી (પા.પુ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના અગ્ર રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(નાણાં)ના રહસ્યસચિવશ્રી નાંણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી (પા.પુ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચર લિમીટેડ (GWIL), ગાંધીનગર.
- મુખ્ય ઇજનેરશ્રી (પ્લાનીંગ/ટેકનીકલ) ગુ.પા.પુ.અનેગ.વ્ય.બોર્ડ, ગાંધીનગર
- કલેકટરશ્રી, કચ્છ, અમરેલી, ભાવનગર, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, વેરાવળ
- સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઇલ.